સંક્ષિપ્ત સમાચાર

કડાણાના મુનપુર ગામમાં મુસાફરો માટે પાણીની સુવિધા ઉભી કરાઇ

કડાણા | કડાણા તાલુકાના મુનપુર ખાતે મુનપુર બસ સ્ટેશન ખાતે મનુષ્ય સેવા એ જ પ્રભુ સેવા સૂત્ર સાથે ભયંકર ગરમીની અંદર પાણીની પ્યાસ બુજાવવા માટે આવતા જતા મુસાફરો માટે સી.આર ગાડી કોલેજના પ્રિન્સિપાલ અને કોલેજ પરિવાર તરફથી પીવાના પાણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

સ્પેક એન્જીનીયરીંગ દ્વારા મહેંદીના માધ્યમથી મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

આણંદ | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જિનીયરીંગના રાષ્ટ્રિય સેવા યોજના અને વુમન ડેવલપમેન્ટ સેલના નેજા હેઠળ મહેંદીના માધ્યમથી મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એન્જિનીયરીંગની વિવિધ વિભાગની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મહેંદીના માધ્યમથી અવનવા સ્લોગન સાથે મતદાન જાગૃતિનો સંદેશો પાઠવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રાષ્ટ્રિય સેવા યોજના સંયોજક પ્રો. સ્મિત અંજના, પ્રો. ભૂમિકા પંચાલ અને વુમન ડેવલપમેન્ટ સેલ સંયોજક પ્રો. પ્રિયંકા પટેલે મહત્વનું યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમની સફળતા માટે સંસ્થાના ચેરમેન ગિરીશ પટેલ, સેક્રેટરી શિતલ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

આણંદમાં વિશ્વ પુસ્તક દિન નિમિત્તે પુસ્તક પ્રદર્શન - વ્યાખ્યાન યોજાયું

આણંદ | આણંદના સાર્વજનિક પુસ્તકાલય અને અખિલ ભારતીય સાહિત્ય પરિષદ આણંદ એકમના સંયુક્ત આશ્રયે, વિશ્વ પુસ્તક દિન ઉજવણી અંતર્ગત પુસ્તક પ્રદર્શન અને વ્યાખ્યાનનો કાર્યક્રમ સંસ્થાના પુસ્તકાલય ભવન ખાતે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડો. નિરંજનભાઈ પટેલના મુખ્ય અતિથિપદે હાજર રહ્યાં હતાં. આ ઉપરાંત અતિથિ વક્તા તરીકે ડો. આર.પી. પટેલ, પુસ્તકાલયના માનદમંત્રી દિનેશ ભગત, સહમંત્રી ડો. પિનાકિન યાજ્ઞિક, ખજાનચી કૃષ્ણકાંત શાહ, કારોબારી સભ્યો તથા સાહિત્યપરિષદ એકમના પ્રમુખ એસ.કે. ઉપાધ્યાય, મહામંત્રી ડો. રાકેશ રાવત, કારોબારી સભ્ય તથા અન્ય મહાનુભાવો, વાચક ભાઇ બહેનો હાજર રહ્યાં હતાં.

નડિયાદના વોકિંગ ગાર્ડન ખાતે વરિષ્ઠો માટે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

નડિયાદ | નડિયાદ શહેરના પીજ રોડ ખાતે આવેલા વોકિંગ ગાર્ડનમાં ખેડા જિલ્લાના સિનિયર સિટીઝન તથા જિલ્લા પેન્શનર સંગઠનના સંયુક્ત ઉપક્રમે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સિનિયર સિટીઝનો તથા પેન્શનરોને આવનાર ચૂટંણીમાં 85 વર્ષથી વધુ વયનાં મતદારોને મળવાપાત્ર લઘુતમ સુવિધાઓથી વાકેફ કરવામાં આવ્યા હતા. અહીં ઉપસ્થિત સૌએ આવનાર ચૂંટણીમાં અચૂક મતદાન કરવાનો સંકલ્પ લીધો હતો. આ કાર્યક્રમમાં નડિયાદ નગરપાલિકાના ચીફ ઓફીસર રૂદ્રેશ હુદડ, નડિયાદ સીટી મામલતદાર, જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના ચૂંટણી સબનોડલ સહિત શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

ફ્લેશ બેક : 4,57,804 મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરતા 50.22 ટકા મતદાન નોંધાયું હતુ

1991માં આણંદ લોકસભાના 14 ઉમેદવારે ડિપોઝિટ ગુમાવી

આણંદ લોકસભા બેઠક ઉપર તા. 26-5-1991ના રોજ મતદાન યોજાયું હતું

(પ્રતિનિધિ) આણંદ તા 28

1962 ના વર્ષમાં યોજાયેલી દેશની આઝાદી બાદની ત્રીજી અને ગુજરાત રાજ્યની સ્થાપના બાદની પ્રથમ લોકસભાની સામાન્ય ચૂંટણી બાદના ત્રણ દાયકાના અંત ભાગમાં યોજાયેલી 1991ના વર્ષની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં મતદારોની સંખ્યામાં અને ચૂંટણી જંગ લડેલા ઉમેદવારોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. 1962 ની તુલનાએ 1991 ના વર્ષમાં ઉમેદવારોની સંખ્યામાં 6 ગણો અને મતદારોની સંખ્યામાં અઢી ગણો વધારો થયો હતો.

ગુજરાતમાં 1962 ના વર્ષની ચૂંટણી સમયે રાજ્યની 22 બેઠકો ઉપર પુરૂષ મતદારોની સંખ્યા 49,83,311 અને મહિલા મતદારોની સંખ્યા 45,51,663

મળી સમગ્ર રાજ્યમાં કુલ 95,34,974 મતદારો નોંધાયા હતા. તેની સામે મતદારોની સંખ્યામાં ક્રમશઃ વધારો થતા 1991 ની લોકસભાની સામાન્ય ચૂંટણી સમયે સમગ્ર રાજ્યની 26 બેઠકો ઉપર 1,28,09,607 પુરૂષ અને 1,20,72,901 મહિલા મળી કુલ 2,48,82,508 મતદારો નોંધાયા હતા.

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી લડવા માટે લોકોમાં જાગૃતતા આવી હતી. 1962 ના વર્ષમાં ગુજરાતની સ્થાપના બાદની લોકસભાની પ્રથમ ચૂંટણીમાં સમગ્ર રાજ્યની 22 બેઠકો ઉપર તે સમયે 68 ઉમેદવારો ચૂંટણી લડ્યા હતા, તેની સામે 1991 ના ચૂંટણી જંગમાં ગુજરાત રાજ્યની 26 બેઠકો ઉપર 420 ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું. ચૂંટણીના પરિણામો બાદ ચૂંટણી જંગમાં ઊભા રહેલા ઉમેદવારો પૈકી 367 ઉમેદવારોએ ડિપોઝિટમાં ગુમાવી હતી.

1991 ના વર્ષની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ગુજરાતમાં લોકસભા મતદાન વિભાગ પ્રમાણે ચૂંટણી જંગ લડેલા ઉમેદવારોની સંખ્યા જોઈએ તો, સૌથી વધુ 27 ઉમેદવારો અમરેલી અને ગાંધીનગર બેઠક ઉપર જ્યારે સૌથી ઓછા 6-6 ઉમેદવારો દોહાદ (દાહોદ) (એસટી) અને માંડવી (એસટી) ની બેઠક ઉપર નોંધાયા હતા. આ ઉપરાંત તે સમયે ગુજરાતની લોકસભાની બેઠક પ્રમાણે ઉમેદવારોની ક્રમશઃ સંખ્યા જોઈએ તો, સુરત મતદાર વિભાગમાં 26, અમદાવાદ મતદાર વિભાગમાં 25, ભાવનગર મતદાર વિભાગમાં 22, સુરેન્દ્રનગર અને સાબરકાંઠા મતદાર વિભાગમાં 20-20, જામનગર બેઠક ઉપર 19, કચ્છ, પોરબંદર, રાજકોટ અને જુનાગઢ બેઠક ઉપર 18-18, મહેસાણા મતદાર વિભાગમાં 17, આણંદ મતદાર વિભાગમાં 16, ધંધુકા (એસસી) મતદાર વિભાગમાં 15, બરોડા અને બ્રોચ (હાલનું ભરૂચ) બેઠક ઉપર 14-14, પાટણ (એસસી), કૈરા અને ગોધરા બેઠક ઉપર 12-12, બનાસકાંઠા મતદાર વિભાગમાં 11, કપડવંજ અને છોટાઉદેપુર (એસટી) બેઠક ઉપર 10-10 તેમજ બુલસર (એસટી) બેઠક ઉપર 7 ઉમેદવારોએ તેમની ઉમેદવારી નોંધાવી ચૂંટણી જંગ લડ્યા હતા.

ગુજરાતના 1991 ના લોકસભાના ચૂંટણી જંગ ની વાત કરીએ તો, તે સમયે નોંધાયેલા મતદારો પૈકી 64,75,845 પુરૂષ અને 44,74,217 મહિલા મતદારો મળી કુલ 1,09,50,062 મતદારોએ 27,666 મતદાન મથકો ઉપર જઈને તેમના મતાધિકારનો ઉપયોગ કરતા સમગ્ર રાજ્યમાં 44.01 ટકા મતદાન નોંધાયું હતું. સમગ્ર રાજ્યના મતદાનમાં મહિલા મતદારોનો ફાળો 37.06 ટકા જેટલો રહ્યો હતો.

સમગ્ર રાજ્યની લોકસભાની અન્ય બેઠકોની સાથે આણંદ લોકસભા બેઠક ઉપર પણ તા. 26-5-1991 ના રોજ મતદાન યોજાયું હતું. આ મતદાર વિભાગમાં 9,11,580 મતદારો પૈકી 50.00 ટકા મતદારોએ એટલે કે, 4,57,804 મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. થયેલ મતદાન પૈકી 2 (બે) ટકા મત એટલે કે 9,163 મત રિજેક્ટ થયા હતા.

આણંદ લોકસભાની આ બેઠક ઉપર 16 ઉમેદવારોએ તેમની ઉમેદવારી નોંધાવી હતી. જેમાંથી ચૂંટણીનું પરિણામ આવતા 14 ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી હતી. આ સીટ ઉપર ચૂંટણી જંગ લડેલા 16 ઉમેદવારો પૈકી વિજેતા ઉમેદવારને 52.53 ટકા મત એટલે કે, 2,34,875 મત અને હરીફ ઉમેદવારને 44.47 ટકા મત એટલે કે, 1,98,836 મત મળ્યા હતા. વિજેતા ઉમેદવારે 8.06 ટકા એટલે કે 36,039 મતની સરસાઇથી હરીફ ઉમેદવાર સામે વિજય મેળવ્યો હતો. આ સિવાય બાકીના તમામ ઉમેદવારોને 1 ટકા કરતાં પણ ઓછા મત મળ્યા હતા.

પરાજીત થયેલા 14 ઉમેદવારોને 1 ટકા કરતાં પણ ઓછા મત મળ્યા

આણંદમાં લોકસભા ચૂંટણી જંગ લડેલા 16 ઉમેદવારો પૈકી વિજેતા ઉમેદવારને 52.53 ટકા મત એટલે કે, 2,34,875 મત અને હરીફ ઉમેદવારને 44.47 ટકા મત એટલે કે, 1,98,836 મત મળ્યા હતા. વિજેતા ઉમેદવારે 8.06 ટકા એટલે કે 36,039 મતની સરસાઇથી હરીફ ઉમેદવાર સામે વિજય મેળવ્યો હતો. આ સિવાય બાકીના તમામ ઉમેદવારોને 1 ટકા કરતાં પણ ઓછા મત મળ્યા હતા.

બીએલઓ દ્વારા ઘરે ઘરે મતદાર સ્લીપ વિતરણનો પ્રારંભ કરાયો

લોકસભા બેઠકના 17.80 લાખથી વધુ મતદારને કાપલી પહોંચાડવા ઝુંબેશ હાથ ધરાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.28

આણંદ જિલ્લામાં મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયા યોજાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ મતદાર જાગૃતિ અભિયાન સહિત અનેકવિધ કામગીરીઓ સુપેરે ચાલી રહી છે, આણંદ જિલ્લાના 7 વિધાનસભા વિસ્તારોમાં બારકોડવાળી મતદાર માહિતી સ્લીપ (કાપલી)નું વિતરણ બુથ લેવલ ઓફિસર દ્વારા ઘેર ઘેર ફરીને રૂબરૂમાં આપવાનું શરૂ કરી દેવાયું છે.

આણંદ લોકસભા સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા ખંભાત વિધાનસભા માટે 2,34,658 મતદાર માહિતી સ્લીપ, બોરસદ વિધાનસભા માટે 2,64,717 મતદાર માહિતી સ્લીપ, આંકલાવ વિધાનસભા માટે 2,27,843 મતદાર માહિતી સ્લીપ, ઉમરેઠ વિધાનસભા માટે 2,73,986 મતદાર માહિતી સ્લીપ, આણંદ વિધાનસભા માટે 3,16,952 મતદાર માહિતી સ્લીપ, પેટલાદ વિધાનસભા માટે 2,40,195 અને સોજીત્રા વિધાનસભા મત વિસ્તાર માટે 2,21,831 મળી ને કુલ - 17,80,182 મતદાર સ્લીપ તમામ વિધાનસભા મત વિસ્તારોમાં પહોંચાડવામાં આવી રહી છે. આ સ્લીપ 30મી એપ્રિલ સુધીમાં બુથ લેવલ ઓફિસર દ્વારા રૂબરૂમાં તમામ મતદારોના ઘરે ઘરે ફરીને પહોંચાડી દેવામાં આવશે. હાલમાં આણંદ જિલ્લામાં કાર્યરત 1773 બૂથ લેવલ ઓફિસર દ્વારા ઘરે ઘરે જઈને મતદારોને સ્લીપનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ મતદાર કાપલિની સાથે મતદારોએ પોતાનું ચૂંટણી કાર્ડ એટલે કે એપીક કાર્ડ અથવા તો ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્ય 12 દસ્તાવેજો એટલે કે ફોટો ઓળખકાર્ડ સાથે રાખવું જરૂરી છે.

મહીસાગર કલેક્ટર કચેરીમાં 'વોટ ફોર..' થીમ પર વૃક્ષારોપણ

મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર નેહાકુમારીના માર્ગદર્શનમાં મતદાર જાગૃતિ અને તેના પ્રચાર પ્રસાર માટે નવતર પહેલ સમાન કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત વૃક્ષારોપણ કરી પહેલી વખત મતદાનનો ઉપયોગ કરનારા યુવા મતદારોને ચૂંટણીનું મહત્વ સમજાવી મતદાન અવશ્ય કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહીસાગર જિલ્લાના યુવા મતદારોમાં 'મતદાનની નૈતિક ફરજ'નો ભાવ અને જુસ્સો વધે તે માટે દેશની ભાવિ પેઢી એવા યુવાઓને લોકશાહીના આ પર્વે અચૂક મતદાન કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આથી, વિદ્યાર્થી મિત્રોઓએ દેશહિતમાં 'હું અવશ્ય મતદાન કરીશ' એમ અચૂક મતદાન કરવા સંકલ્પબદ્ધ થઈ શપથ લીધા હતા.

મોગરનો શખ્સ છરા સાથે પકડાયો

(પ્રતિનિધિ) આણંદ તા.28

આણંદના મોગર ગામનો શખ્સ લાલપુરા ચેકપોસ્ટ પર છરો છુપાવી ફરતા પોલીસે પકડી પાડી કાર્યવાહી કરી હતી.

ઉમરેઠ પોલીસ તાબાની લાલપુરા ચેક પોસ્ટ પર વાહન ચેકીંગ દરમિયાન સાવલી તરફથી એક્ટિવા આવતાં તેને હાથથી ઈશારો કરી રોકવામાં આવી હતી. આ એક્ટિવામાં તપાસ કરતાં ડેકીમાંથી છરો મળી આવ્યો હતો. આશરે એકાદ ફુટ લાંબા છરા અંગે ચાલકની પુછપરછ કરતાં તે બિજરાજસિંહ કિરીટસિંહ મહિડા (ઉ.વ.26, રહે. મોગર) હોવાનું જણાવ્યું હતું. જ્યારે છરા અંગે કોઈ સંતોષકારક જવાબ આપી શક્યો નહતો. આખરે આ અંગે ઉમરેઠ પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સંતરામપુરમાં બુટલેગરના ઘર - કારમાંથી દારૂ પકડાયો

પોલીસે ખેરવા ગામમાં દરોડો પાડી 1.37 લાખનો વિદેશી દારૂ તથા બિયર જપ્ત કર્યો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.28

સંતરામપુર પોલીસે ખેરવા ગામ પાસે વાહન પેટ્રોલીંગ દરમિયાન રૂ.1.37 લાખના વિદેશી દારૂ ભરેલી કાર પકડી પાડી હતી. આ સંદર્ભે બે શખ્સ સામે ગુનો નોંધ્યો હતો.

સંતરામપુર પોલીસની ટીમને બાતમી મળી હતી કે, હઠીપુરાનો વિરસિંગ સુરસિંગ ભાભોર તેના ઘરે ઈંગ્લીશ દારૂ રાખી વેચાણ કરે છે. આ બાતમી આધારે પોલીસે ટીમ બનાવી 27મીના

રોજ દરોડો પાડ્યો હતો. આ દરોડામાં વીરસિંગ સુરસીંગ ભાભોર સ્થળ પર જ પકડાઈ ગયો હતો. તેને સાથે રાખી ઘરમાં તપાસ કરતાં ઓસરીમાંથી વિદેશી દારૂ, બિયરની પેટી મળી આવી હતી. આ ઉપરાંત કાર નં.જીજે 20 એએચ 3226 પણ પડી હતી. જેની તલાસી લેતાં સીટ, ડેકીમાંથી પણ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આ અંગે ગણતરી કરતાં બિયર કિંમત રૂ.56,280, દારૂ કિંમત રૂ.81,648 મળી કુલ રૂ.1,37,928 નો મુદ્દામાલ મળી આવ્યો હતો.

આ અંગે પોલીસે ગાડી અંગે તપાસ કરતાં તે મહેશ ઉર્ફે લાલો મનસુખ પટેલ (લાલો પટેલ) (રહે. હઠીપુરા)ની હોવાનું બહાર આવ્યું હતું. જેથી પોલીસે બધુ મળી કુલ રૂ.6,90,598નો મુદ્દામાલ જપ્ત કરી મહેશ ઉર્ફે લાલો મનસુખ પટેલ તથા વિરસીંગ સુરસીંગ ભાભોર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ડેમોલ ગામના વૃદ્ધે ચૂંટણી બહિષ્કારની ચીમકી આપી

જમીન 54 વર્ષથી સરકારી રોડમાં જતી રહી છતાં વળતર મળ્યું નથી

(પ્રતિનિધિ) પેટલાદ તા.28

પેટલાદ તાલુકાના ડેમોલ ગામમાં રહેતા 68 વર્ષિય વરિષ્ઠ નાગરિકે દબાણ અંગે અનેક રજુઆત કરી છતાં કોઇ પગલાં ન ભરાતાં તેમણે ચૂંટણીના બહિષ્કારની ચિમકી ઉચ્ચારી છે.

પેટલાદ તાલુકાના ડેમોલ ગામમાં રહેતા 68 વર્ષીય સુરેશભાઈ મહીજીભાઇ પટેલ દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી પ્રશ્નોને લઈને મુખ્યમંત્રી, કલેક્ટર કચેરી તેમજ તાલુકા વિકાસ અધિકારી પેટલાદને વારંવાર લેખિતમાં રજૂઆત કરવા છતાંય ન્યાય ન મળતા આખરે તેઓએ લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની આક્રોશ સાથે મૌખીક ચીમકી આપી છે.

આ અંગે સુરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આશરે 1970ની સાલમાં મારી જમીન સરકારી રોડમાં જતી રહી છે. પરંતુ જમીનનું મળવાપાત્ર વળતર મળ્યું નથી તેમજ તેઓના મકાનની સામે કેટલાક રહીશો દ્વારા ગેરકાયદેસર દબાણ કરી મકાનો અને ઓટલા બનાવ્યા હોય જેની માપણી સીટ અને નકશા સાથે રજૂઆત કરી હતી. તેમ છતાં તાલુકા કે ગ્રામ પંચાયત દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી.

ઠાકોર સમાજના ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાયો

ક્ષત્રિય - ઠાકોર સમાજના યુવકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યાં

(પ્રતિનિધિ) બોરસદ તા.28

બોરસદ ખાતે 242 ગામ ક્ષત્રિય - ઠાકોર સમાજ ગૃપ આયોજીત રક્તદાન કેમ્પનુ આયોજન આણંદ ઈન્ડીયન રેડ કોર્સ સોસાયટીના સહયોગથી કરવામાં આવ્યું હતું.

બોરસદના રવિશંકર મહારાજ વિનામુલ્યે ક્લાસિસ વર્ગની સંસ્થા ખાતે રક્તદાતાઓને ઉપસ્થિત રહેવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. આ રક્તદાન કેમ્પને સફળ બનાવવા માટે ક્ષત્રિય - ઠાકોર સમાજના યુવાનો આગેવાનો સહિત વિવિધ ક્ષેત્રોમાં સેવાકીય પ્રવૃતિઓ

સાથે સંકળાયેલા રક્તદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યકમમાં ઉપસ્થિત રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, આ સંસ્થા દ્વારા શિક્ષણ હિતની સાથે સાથે રક્તદાન માટે પણ વખતોવખત આયોજન કરવામાં આવે છે તે ખુબ જ સરાહનિય છે. જેમાં સમસ્ત ટીમની કામગીરી ખુબ જ પ્રશંસનિય રહી છે. શ્રી રવિશંકર મહારાજ વિનામુલ્યે ક્લાસિસના નિભાવ માટે 25 હજાર રૂપિયાનુ દાન આપ્યું હતું.

વડતાલ મંદિર દ્વારા 15 હજાર ચંપલનું વિતરણ

છારોડી એસજીવીપી ગુરુકુળ મેમનગરના યજમાન પદે સેવા કાર્ય કરાયું

(પ્રતિનિધિ) આણંદ તા.28

શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે અનેક સેવા પ્રવૃત્તિઓ થઈ રહી છે. જે અંતર્ગત ગરમીનો કહેર વર્ષે છે ત્યારે વડતાલ સંસ્થા દ્વારા છારોડી એસજીવીપી ગુરુકુળ મેમનગરના યજમાન પદે 15 હજાર ચંપલ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.. જેના માટે 45 જેટલા વાહનોને વડતાલથી મુખ્ય કોઠારી ડો. સંત સ્વામી , પુજ્ય બાપુ સ્વામી, ધર્મનંદન સ્વામીએ ધજા ફરકાવીને શરૂઆત કરાવી હતી.

શ્યામ સ્વામીએ જણાવ્યું હતું

કે, ભગવાન સ્વામિનારાયણના સર્વજીવહિતાવહના સંદેશને લઇ ઉનાળાની ધોમધમતી ગરમીમા ઉઘાડા પગે ચાલતા દરિદ્રનારાયણોને 15 હજાર જોડી ચંપલનું વિતરણ કરવામાં આવ્યું છે. જનસેવા એ પણ પ્રભુસેવા, એ સંપ્રદાયનુ સુત્ર છે. અનેકવિધ સેવાઓ સાથે સર્વજીવ હિતાવહ સૂત્રને વડતાલ સંસ્થાન સાર્થ કરી રહ્યું છે. ગ્રીષ્મ ઋતુનો પ્રારંભ થઈ ચુક્યો છે, આકાશમાંથી સૂર્યનારાયણ કાળઝાળ ગરમી ઓકી રહ્યા છે. આવી ગરમીમાં ઉઘાડા પગે ચાલતા જરૂરિયાતમંદ અને દરિદ્રનારાયણોને બળબળતા તાપમાં ઉઘાડા પગે ચાલવું ન પડે તેવા ઉદ્દેશ સાથે વડતાલ સ્વામિનારાયણ મંદિર દર વર્ષે ઋતુ અનુસાર દરિદ્રનારાયણો માટે સેવાયજ્ઞ યોજે છે. આ દરિદ્રનારાયણ અને જરૂરિયાતમંદો માટે 15 હજાર જોડી ચંપલ વિતરણનો સેવાયજ્ઞ યોજાયો હતો.

આ પ્રસંગે સંત સ્વામી (મુખ્ય કોઠારી), બાલકૃષ્ણસ્વામી (છારોડી), વલ્લભસ્વામી, શાસ્ત્રી હરિઓમસ્વામી પાઠશાળા તથા પાર્ષદ ભાસ્કરભગતજીએ મંગલ પ્રારંભ કરાવ્યો હતો. ચંપલ વિતરણ માટે 45 રૂટ નક્કી કરવામાં આવ્યા હતા. તમામ રૂટ જતા સેવકોને સંતોએ જરૂરી સુચનાઓ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. બાલકૃષ્ણ સ્વામીએ સેવાના અવસર બદલ વડતાલ સંસ્થાનો આભાર માન્યો હતો.